# ૪૦

## દિલ્હી–મુંબઈ ફોરલેન હાઈવે નેશનલ હાઈવે–૫૬ જમીન સંપાદન બાબત

***૧૫/૩/૫૦૭: શ્રી ચૈતરભાઈ વસાવા(ડેડીયાપાડા): માનનીય મહેસુલમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૧૯.૦૮.૨૦૨૩ની સ્થિતિએ દિલ્હી–મુંબઈ ફોરલેન હાઈવે નેશનલ હાઈવે–૫૬ માટે જમીન સંપાદનની કામગીરી પ્રગતિમાં છે તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા જિલ્લાઓની કેટલી જમીન સંપાદન કરવામાં આવી છે, અને | (૨) | દિલ્હી–મુંબઈ ફોરલેન હાઈવે નેશનલ હાઈવે–૫૬ અંતર્ગત આવતા તમામ જિલ્લાઓમાં પ્રાથમિક તબક્કે સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં છે. સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ નથી. |
| (૩) | ઉકત સ્થિતિએ ગ્રામસભાની મંજૂરી લેવામાં આવેલ છે કે કેમ? | (૩) | તમામ જિલ્લાઓના કુલ–૨૦૫ ગામોમાંથી ૧૯૩ ગ્રામસભાના ઠરાવો મેળવવામાં આવેલ છે, તથા કાર્યવાહી પ્રગતિમાં છે. |